## ગાંધીનગર ખાતે લઘુ ઉદ્યોગને લગતી સલાહકાર સમિતિની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર ખાતે યોજાયેલી સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કક્ષાના ઉદ્યોગોને લગતી સલાહકાર સમિતિની બેઠકના અધ્યક્ષસ્થાને ઉપસ્થિત રહેલાં ઉદ્યોગ રાજયમંત્રીશ્રી સૌરભભાઇ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ ગુજરાતીઓની ઉદ્યોગ સાહસિકતા અને રાજય સરકારની પ્રોત્સાહક નીતિઓને આભારી છે. તેમણે એમ પણ જણાવ્યું હતુ કે, વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટને કારણે ગુજરાતમાં નવા નવા ઉદ્યોગો આવી રહયા છે. ગુજરાત દેશનું ઓટોહબ બનવા જઇ રહયું છે. ત્યારે ગુજરાતમાં ઉદ્યોગોને અનુરૂપ કૌશલ્યવાન માનવબળ ઉભું કરવા રાજય સરકાર કટિબધ્ધ છે. મંત્રીશ્રી એ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ઉદ્યોગોએ પોતાની પાયાની જરૂરિયાત અને સમસ્યાથી સરકારને મુદ્દાસર માહિતગાર કરવા જોઈએ જેથી રાજય સરકાર હકારાત્મક અભિગમ દાખવી યોગ્ય નિર્ણય લઈ શકે.

## ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી દ્વારા ત્રિઅંકી-એકાંકી નાટ્ય સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના ઉપક્રમે નાટય પ્રવૃત્તિઓને ઉત્તેજન આપવા માટે દર વર્ષે ત્રિઅંકી અને એકાંકી નાટય સ્પર્ધા યોજવામાં આવે છે. વર્ષ૨૦૧૨-૧૩માં યોજાનાર આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતી નાટય સંસ્થાઓ, નાટય દિગ્દર્શકશ્રીઓ, કલાકારોએ આ અંગેના નિયત પ્રવેશપત્ર તથા નિયમો સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી, બ્લોક નં.૯, પ્રથમમાળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦ને પત્ર લખીને કે રૂબરૂ સંપર્ક સાધી તા.૧૩/૦૭/૧૨ સુધીમાં મેળવીને તેમજ ભરેલા પ્રવેશપત્રો ઉકત સરનામે જરૂરી વિગતો સાથે અકાદમીના કાર્યાલયમાં તા.૨૧/૦૭/૨૦૧૨ સુધીમાં રજૂ કરવાના રહેશે. સ્પર્ધામાં ભાગ લેવા પસંદ થનાર નાટકના કલાકારોને અકાદમીના નિયમોનુસાર પ્રવાસખર્ચ, ભોજનખર્ચ, નાટક રજૂ કરવા બદલ પુરસ્કાર તેમજ વિજેતા થનાર નાટકને રોકડ પારિતોષિકો એનાયત કરવામાં આવશે. આ અંગેની વિસ્તૃત માહિતી અકાદમીની કચેરીના ટેલીફોન નંબરઃ ૨૩૨૫૪૫૫૨ અને ૨૩૨૫૧૬૯૩ ઉપર સંપર્ક કરવાથી મળશે.

# રાજ્યની અને વિશ્વની પ્રજાને ગુણવત્તાસભર દવાઓ મળી રહે તે માટે રાજ્ય સરકારનો નવતર અભિગમ

ગાંધીનગર, તા. ૧૮

રાજયની અને વિશ્વની પૂજાને ગુણવત્તાસભર દવાઓ મળી રહે તેમજ રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાએ દવા ઉદ્યોગ ક્ષેત્રે થઈ રહેલા સંશોધનો અને અદ્યતન ટેકનોલોજીનો લાભ રાજયના પ્રજાજનો ને મળી રહે તે હેતુસર ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દવારા સૌ પ્રથમ વખત સીધી ભરતીથી નિમણૂંક પામેલા ઔષધ નિરીક્ષકોને યુ.એસ.એફ.ડી.એ.ના અધિકારીઓ ઘ્વારા તાલીમ આપવાનું ગાંધીનગર ખાતે આયોજન કરાયુ હતું.

આ શિબિરમાં નવા નિયુકત થયેલા ડ્રગ ઈન્સ્પેકટરોને યુ.એસ.એફ.ડી.એ ના અધિકારીઓએ યુ.એસ.એફ.ડી.એ નું ઈન્સ્પેકશન કેવું હોવું જોઈએ, યુ.એસ.એફ.ડી. એ નું વિઝન કેવું હોવું જોઈએ, ઈન્સ્પેકશન કેટલા સમયમાં કરવું જોઈએ, કેટલો સમય લેવો જોઈએ, ઈન્સ્પેકશનમાં કયા કયા મુદ્દાઓ આવરી લેવા જોઈએ જેવા કે કરન્ટ ગુડ મેન્યુફેકચરીંગ પ્રેકટીસ, પ્રોસેસ એનાલીટીકલ ટેકનોલોજી તથા દવાની સલામતિ, ગુણવત્તા જળવાઈ રહે તેમજ વૈશ્વિક લેવલે દવામાં આવી રહેલી આધુનિક ટેકનોલોજીના સંદર્ભમાં આદાન-પ્રદાન કર્યુ હતું.

પ્રારંભમાં ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશ્નરશ્રી એચ.જી.કોશિયા એ તાલીમ શિબિરનો હેતુ સમજાવી તાલીમની વિસ્તૃત વિગતો આપી હતી. આ તાલીમ પાછળનો મુળભુત હેતુ એ છે કે નવા નિમણુંક પામેલા યુવાન અને સુશિક્ષિત અધિકારીઓને પ્રજાલક્ષી વહીવટી તાલીમ આપવા તથા અસરકારક, પારદર્શક અને જનસેવાલક્ષી વહીવટ આપવા માટે તેઓને તૈયાર કરી શકાય અને રાજયની અને વિશ્વની પૂજાને ગુણવત્તાસભર દવાઓ મળી રહે. તેમણે ઉમેર્યુ કે રાજયના ખોરાક અને ઔષધ નિયમન તંત્રના ઈતિહાસમાં સૌ પ્રથમ વખત જ એક સાથે ૬૦ જેટલા ઔષધ નિરીક્ષકોની સીધી ભરતી કરવામાં આવી છે. આ તમામ અધિકારીઓ પોતાની ફરજ ઉપર હાજર થઈ જતા ખાતા તરફથી પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને તેમને અદ્યતન તાલીમ આપવા માટે આ શિબિરનું આયોજન કરાયું છે.આ નવ નિયુકત અધિકારીઓનો સર્વાંગી વિકાસ થાય તેવો તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હોય આ તાલિમ કાર્યક્રમમાં ખાતાના ઉચ્ચ અધિકારીઓ, નિષ્ણાંતો, તજજ્ઞો અને ખાતાના પ્રયોગશાળાના વૈજ્ઞાનિકો ઘ્વારા આજની પરિસ્થિતિને અનુલક્ષીને છેલ્લામાં છેલ્લી તાલીમ આપવામાં આવી રહી છે જે નોંધપાત્ર બાબત છે.



હિન્દી ચલચિત્રો અને ઐતિહાસિક ટી.વી.સિરીયલોના નિર્માતા-અભિનેતા શ્રી સંજયખાને આજે મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની સૈજન્ય મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં ગુજરાતની સર્વાંગીણ પ્રગતિને તેમણે અભૂતપૂર્વ સિધ્ધિ ગણાવી હતી અને જણાવ્યું કે ગુજરાતના ભવિષ્યમાં શ્રી નરેન્દ્રભાઇ મોદીના વિકાસ દર્શનનો ઈતિહાસ અનોખો લખાશે. શ્રી સંજયખાન તેમના એવન સીટીના ઐતિહાસિક નિર્માણ પ્રોજેકટ માટે ગુજરાતના પ્રવાસે આવેલા છે.

## સૅક્ટર-૧ પૅન્શનર્સ સમાજ તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરશે

ગાંધીનગર, તા. ૧૮

પૅન્શનર્સ સમાજ, સૅક્ટર-૧ તરફથી સૅક્ટર-૧ના રહેવાસી અને ધોરણ-૧૨ કે ૧૦માં ૮૦ ટકા કે તેથી વધુ ગુણ પ્રાપ્ત કર્યા હોય તેવા વિદ્યાર્થીઓને સન્માનવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

આવી સિધ્ધિ પ્રાપ્ત વિદ્યાર્થીઓને પોતાના ગુણપત્રકની પ્રમાણિત નકલ તથા વિગતો સમાજના પ્રમુખ ઍસડીઆર મલીક, પ્લોટ નં. ૨૫૨, સૅક્ટર-૧ (ફોન નં. ૨૩૨ ૨૩૭૭૭), મંત્રી અશોકભાઈ જે શાહ, પ્લોટ નં. ૨૬૧/૨, સૅક્ટર-૧ સી અથવા ખજાનચી શ્રી જે એલ શાહને પ્લોટ નં. ૨૪૮/૧ ખાતે પહોંચાડવા સમાજ તરફથી અપીલ કરવામાં આવી છે.

## સમાચાર ઝલક

- સરકારી ખર્ચે વિદેશ જતા નેતાઓને મળેલી ભેટ પર સરકાનો હક્ક.
- ચલણી નોટો ઉપર આંબેડકર, શિવાજી, નહેરૂ, ઇન્દિરાનાં ચિત્રો હશે.
- વિશ્વમાં ટોચના દસ સંપત્તિ માર્કેટમાં ભારત ૬ઠ્ઠા ક્રમાંકે.
- બાર કાઉન્સીલ ઓફ ગુજરાતના ચેરમેન પદે રાજકોટના શ્રી દિલીપભાઈ કે પટેલની વરણી થઈ.
- ૧૦ વર્ષમાં શાળાના ૭૫ હજાર ઓરડાનું નિર્માણ : યાત્રાધામ વિકાસ બોર્ડના ચેરમેન શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી.
- તુલસી કેસ : સીબીઆઈ ટૂંકમાં ચાર્જશીટ દાખલ કરશે : માજી મંત્રી અમીત શાહને સંકજામાં લે તેવી શકયતાઓ.
- પુત્રી ભાગી જતાં ધોરાજીના કડવા પટેલ ઇજનેરનો પત્ની સાથે આપઘાત.
- પાકિસ્તાન માત્ર ૮ સેકન્ડમાં ભારત પર પરમાણુ હૂમલો કરવા સક્ષમ.
- ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં રૂા. ૧૭ હજાર કરોડના ખર્ચનો અંદાજ. દર વખતે ચૂંટણી ખર્ચ વધે છે ને મતદાન ઘટે છે.
- દેશમાં સૌથી વધુ તમાકુ મહારાષ્ટ્રમાં ખવાય છે.
- ફિલિપાઇન્સમાં ૬.૧ની તીવ્રતાના ભૂકંપથી ભાગદોડ.
- જૂનાગઢના ચોકી સોરઠના સરપંચ રૂા. ૧૦ હજારની લાંચના છટકામાં સપડાયા.
- ગોંડલ, રાજકોટમાં ગાંઠિયાના ભાવમાં ધરખમ વધારો, ભાવ બાંધવા શ્રમજીવીઓની આજીજી.

# સ્થાનિક સ્વરાજ્યની પેટાચૂંટણી યોજાઈ નગરપાલિકામાં ૫૪ ટકા મતદાન

ગાંધીનગર, તા. ૧૮

રાજ્ય ચૂંટણી પંચ દ્વારા રાજ્યની ૮ નગરપાલિકાની ૧૧ બેઠકોની પેટાચૂંટણી રવિવારના રોજ યોજાઈ હતી. કોડિનાર નગરપાલિકાના વોર્ડ નં. ૮ની એક બેઠક પર ભારતીય જનતા પક્ષના ઉમેદવાર બિનહરીફ વિજેતા જાહેર થયેલ છે.

પેટાચૂંટણીની સાથોસાથ રાજ્યની અલગ જિલ્લાઓની ૩૮ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી અને કેટલીક ગ્રામ પંચાયતોમાં ખાલી પટેલ વોર્ડ, સરપંચની બેઠકોની પેટાચૂંટણી પણ યોજાયેલ હતી. આવી ૪૩ ગ્રામ પંચાયતો પૈકી ૬ ગ્રામ પંચાયતોના ઉમેદવારો બિનહરીફ વિજેતા જાહેર થયા હતા.

ઈવીએમ દ્વારા આ ચૂંટણી અંતર્ગત મતદાન કરવામાં આવ્યું હતું. ૮ નગરપાલિકાઓની ૧૧ બેઠકો માટે સરેરાશ ૫૪ ટકા મતદાન તથા ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે સરેરાશ ૭૮થી ૮૨ ટકા મતદાન થયું છે. મતદાન શાંતિપૂર્ણ રીતે સંપન્ન બન્યું હતું, કોઈ અનિચ્છનીય બનાવ બન્યો નથી. રાજ્ય ચૂંટણી પંચે નગરપાલિકાઓ, ગ્રામ પંચાયતના મતદારો, રાજકીય પક્ષો સહિત ચૂંટણીમાં સંકળાયેલા સર્વનો આભાર માન્યો છે.

## ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ રથયાત્રાનું સૅક્ટરે સૅક્ટરે સ્વાગત કરશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરમાં સૅક્ટર-૨૨ના પંચદેવ મંદિરથી નીકળતી રથયાત્રાનું શહેરની અગ્રણી સંસ્થાઓ તથા નાગરિકો દ્વારા સ્વાગત કરવામાં આવે છે. આ વર્ષે પણ રથયાત્રા પરંપરાગત માર્ગે પ્રસ્થાન કરશ ને એનું સ્વાગત પણ વિવિધ સંસ્થાઓ ને વ્યક્તિઓ દ્વારા કરવામાં આવશે.

આ માર્ગ પર ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના હોદ્દેદારો સર્વશ્રી કેશરીસિંહ બિહોલા, કે એ વ્યાસ, ડાહ્યાભાઈ પટેલ, કાનજીભાઈ પટેલ, પોપટલાલ પ્રજાપતિ, પ્રદીપસિંહ બિહોલા, હરિસિંહ રાઠોડ, ડી પી સંઘાણી વગેરે રથયાત્રાનું સ્વાગત કરશે. આરતી, પ્રસાદ, છાશ વગેરેનું વિતરણ પણ રથયાત્રીઓને કરવામાં આવશે.

## શાળા પ્રવેશોત્સવનો કન્યા કેળવણી મહોત્સવ સંપન્ન થયો

ગાંધીનગર, તા. ૧૮

સાર્વત્રિક અને લોકભાગીદારીથી સ્વયંભૂ કન્યા કેળવણી મહોત્સવ સાચા અર્થમાં લોકોનો કાર્યક્રમ બની રહ્યો હતો. મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાની તથા શિક્ષણમંત્રી શ્રી રમણલાલ વૉરા, રાજયકક્ષાના શિક્ષણમંત્રી શ્રી જયસિંહ ચૌહાણની સીધી દેખરેખ હેઠળ કન્યા કેળવણી મહોત્સવ યોજાઈ ગયો.

પ્રવેશોત્સવના અંતે તમામ જિલ્લાઓમાં ૭૭૬૧૪ કન્યાઓ, ૮૧૩૫૩ કુમાર સહિત ૧,૫૯,૯૬૭ બાળકોને શાળા પ્રવેશોત્સવનો લાભ મળ્યો હતો. ત્રણ દિવસના અંતે ૨,૩૪,૩૦૨ કન્યાઓ અને ૨,૪૫,૫૦૬ કુમાર સહિત કુલ ૪,૭૯,૮૦૮ બાળકોને શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો.

મહોત્સવના ત્રણ દિવસો દરમ્યાન ૧૦,૫૩,૯૧,૪૬૬ના મૂલ્યનો લોકફાળો શાળાઓને પ્રાપ્ત થયો હતો.

રાજયમાં તમામ મંત્રીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, મુખ્ય સચિવશ્રી તથા તમામ કેડરના અધિકારીઓની રાહબરી હેઠળ કન્યા કેળવણી મહોત્સવ યોજવામાં આવ્યો હતો.

સરકારે અપનાવેલ વ્યૂહ અનુસાર દરેક અધિકારી પદાધિકારીઓએ દરરોજ પાંચ શાળાઓમાં કન્યા કેળવણી રથની આગેવાની લીધી હતી. શાળા વ્યવસ્થા સમિતિ, સ્વ સહાય જૂથો દરેક ગામમાં સક્રિય રહ્યા હતા, જેમણે ૧૦૦ ટકા નામાંકન માટે મહેનત કરી હતી.

નવનામાંકિત બાળકોને સ્થાનિક વ્યક્તિઓ, સંસ્થાઓ તરફથી પાટી-પેન, સ્કૂલબેગ, પાઠ્યપુસ્તકો, નોટબૂક, પેન્સીલ, ગણવેશ ભેટ અપાયા હતા. ૨૩૬૦૮ કન્યાઓને વિદ્યાલક્ષ્મી યોજના હેઠળ નર્મદા બૉન્ડ આપવામાં આવ્યા હતા. ૭૪૪૬૬ કન્યાઓને રૂા. ૧૪,૮૯,૩૨,૦૦૦ના નર્મદા બૉન્ડ આપવામાં આવ્યા હતા. શાળાઓમાં સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા. મોટી સંખ્યામાં સ્થાનિક લોકો જોડાયા હતા.

## પાંથાવાડા પ્રાથમિક શાળામાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો

પાંથાવાડા, તા. ૧૮

કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ અંતર્ગત પાંથાવાડા ગામે આવેલ પાંથાવાડા પ્રાથમિક શાળામાં આમંત્રિત મહાનુભાવોની ઉપસ્થિતિમાં શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો. જેમાં ૭૦ બાળકોને કુમ કુમ તિલક કરી શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો.

આ શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમના પ્રારંભે ડી.આઈ.એસ.ઈ.ના નોગસભાઈએ વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરી હર્ષભેર શાળામાં પ્રવેશ કરાવ્યો હતો. તથા દાતા ભાવેશભાઈ પટેલના હસ્તે નોટબુક, સ્લેટ, દફતરનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ શાળાની ૬ બાળાઓને સાયકલ અને બી.પી.એલ. કાર્ડના લાભાર્થીઓને સિવણ મશીન આપવામાં આવ્યા હતા.

આ પ્રસંગે સરપંચ રમેશભાઈ ઘાડીયા, ડી.આર.સી. પાંથાવાડા, અરધાભાઈ પટેલ, ભરતભાઈ ત્રિવેદી, સુધીરભાઈ ગોહિલ, સેંધાભાઈ પટેલ, હર્ષાભાઈ અને ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# વડનગરને યુનેસ્કો વર્લ્ડ હેરીટેજની સંભવિત યાદીમાં સમાવવા સમિતિની રચના

ગાંધીનગર, તા. ૧૮

વડનગરને યુનેસ્કો વર્લ્ડ હેરીટેજની યાદીમાં સમાવવા માટે એક દરખાસ્ત કરવા માટે સમિતિની રચના કરવામાં આવી છે.

મુંબઈ ખાતે ગત મહિને યોજાયેલ વર્લ્ડ હેરીટેજ ટેન્ટેટીવ લીસ્ટ ઓફ ઈન્ડિયા વેસ્ટ ઝોન અંગેના યોજવામાં આવેલ વર્કશોપમાં વડનગરના ઉત્ખનિત સ્થળ તેમજ ઐતિહાસિક નગરને ટેન્ટીટીવ લીસ્ટમાં સામેલ કરવા માટેના કારણો સહિત વડનગરની યુનિવર્સલ આઉટ સ્ટેન્ડીંગ વેલ્યુ અંગે નિયામકને નાયબ સચિવ દ્વારા પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવ્યું હતું.

સલાહકાર સમિતિએ પ્રેઝન્ટેશનના અવલોકન પછી વડનગરને સંભવિત હંગામી યાદીમાં સમાવિષ્ટ કરવા માટે યુનેસ્કોના ધારાધોરણ મુજબ આવેદન કરવાનું સૂચન કરેલ.

આ અંગે અનુષાંગીક કાર્યવાહી હાથ ધરવા માટે યુનેસ્કોની ગાઈડલાઈન પ્રમાણે સુચિત સ્થાપના વિવિધ સ્ટેક હોલ્ડર્સનું યોગદાન હોવું જરૂરી છે તે માટે સ્ટેક હોલ્ડર્સની બેઠક હાથ ધરવાની રહે છે. આ માટે સૌ પ્રથમ સચિવની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરવી જરૂરી હોઈ આ અંગે સરકારે એક સમિતિની રચના કરવામાં આવી છે.

રાજ્ય સરકારે રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના સચિવ ભાગ્યેશ જ્હાના અધ્યક્ષપદે એક સમિતિની રચના કરવામાં આવી છે. ઉપાધ્યક્ષ તરીકે મહેસાણા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી, પોલીસ અધિક્ષક પ્રવાસન વિભાગના નાયબ સચિવ, નાણા વિભાગના નાણા સલાહકાર, ખેરાલુ પ્રાંત અધિકારી, અધિક્ષક પુરાતત્વવિદ ચીફ ઓફીસર, અને નિયામક પુરાતત્વનો આ સમિતિમાં સભ્ય તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે.

વડનગરનું વિગતવાર ડોક્યુમેન્ટેશન કરવા માટે નગરપાલિકા અથવા સીટી સર્વે પાસે ઉપલબ્ધ ડોક્યુમેન્ટમાંથી અગત્યના ડોક્યુમેન્ટ શોધી કાઢી તેની યાદી બનાવવાની કામગીરી ચીફ ઓફીસર અને મામલતદાર કચેરી દ્વારા કરવાની રહેશે.

પુરાતત્વીય બાબતો અંગે નિયામક પુરાતત્વખાતા દ્વારા ટોટલ સર્વે કરાવીને જરૂરી વિગત તૈયાર કરાશે તથા યુનેસ્કોના ધારાધોરણ મુજબ ડોક્યુમેન્ટ તૈયાર કરવા માટે નિષ્ણાંતોની નિમણુંકો કરાશે.


સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ સમિતિ દ્વારા ડોક્યુમેન્ટ તૈયાર કરવામાં આવ્યા બાદ ગુજરાત સરકાર દ્વારા આ અંગેની એક દરખાસ્ત તૈયાર કરીને કેન્દ્ર સરકાર સમક્ષ ડોક્યુમેન્ટ રજુ કરવામાં આવશે અને કેન્દ્રની મંજુરી મળ્યા બાદ આ અંગે સંભવિત યાદીમાં સામેલ કરવા માટે યુનેસ્કો મોકલાશે.

## ખેડબ્રહ્મા કોલેજમાં ટેલી. એકાઉન્ટીંગ કોર્ષનું આયોજન

ખેડબ્રહ્મા, તા. ૧૮

ખેડબ્રહ્માની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા યુ.જી.સી.ના સહયોગથી વિદ્યાર્થીઓ સ્વરોજગારી માટે સક્ષમ બને તે માટે એક માસના ટેલી એકાઉનાટીંગ સર્ટીફિકેટ કોર્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૫ વિદ્યાર્થીઓ જોડાયા હતા. કોર્સના ઉદ્ઘાટન સમારોહમાં ઈડર કોલેજના આચાર્ય ડૉ. એ.એમ. પટેલ, બી.સી.એ. કોલેજના આચાર્ય ડૉ. રાજેશ મહેતા, ડૉ. છગનભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સમાપન સમારોહમાં અરવલ્લી વિદ્યાભવન ટ્રસ્ટના મંત્રી જેઠાભાઈ પટેલ અને કીર્તિભાઈ યુ. જોષીના વરદ્હસ્તે વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરાયા હતા. કોલેજના આચાર્ય એન.ડી. પટેલ તથા ડૉ. આર.જે. દેસાઈએ કોર્સના આયોજનમાં માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. કોર્સના તજજ્ઞ તરીકે કમલેશભાઈ યાદવે સેવાઓ આપી હતી. સમગ્ર કોર્સનું સંચાલન હરપાલસિંહ ચૌહાણે કર્યું હતું.

## શબ્દાવલી - ૪૭૬૨



### આડી ચાવી

- ૧. જુદી જુદી જાતો કે વસ્તુઓનો અવ્યવસ્થિત સમૂહ (૪)
- ૩. રાજવંશીઓને ગુજરાત માટે આપેલ જમીન (૩)
- ૬. એક ઋતુ, પાનખર (૪)
- ૭. શીતળા દેવી (૩)
- ૮. જેનું વિભાજન ન થઇ શકે તેવું (૪)
- ૧૦. હારેલું, પરાજીત (૩)
- ૧૩. પાછું આપવું કે આવવું (૩)
- ૧૪. ફરજ પ્રત્યે ભાન હોવું, ... હોવી (૪)
- ૧૫. નાવડી, નૌકા (૨)
- ૧૬. મીઠુ (૩)
- ૧૭. બારી, ખીડકી (૫)
- ૧૮. ઉકળાટ (૨)

### ઊભી ચાવી

- ૧. વહેમી, શકી (૪)
- ૨. એક ઘરેણું, કટી... (૩)
- ૩. ગયેલું, વિતેલું (૨)
- ૪. અધિકાર, સત્તા (૨)
- ૫. રાહ, પથ, કેડી (૩)
- ૬. ડીગ્રી (૩)
- ૮. આથમવું, ... થવું (૨)
- ૯. વસ્તુના જેટલા જ ભારનું (૪)
- ૧૦. બીજાના વશમાં હોય તેવું (૪)
- ૧૧. નિશા (૨)
- ૧૨. ખબર કે સમજ, ... ના હોવી (૪)
- ૧૩. ... પડવો, પાલો પડવો (૩)
- ૧૪. શુકન (૩)
- ૧૬. બોલ-ચાલ વગેરેની છટા (૨)

### શબ્દાવલી ૪૭૬૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) સરખામણી (૪) બલી (૬) રજાઇ (૭) ભૂચાલ (૮) સહદેવ (૧૦) માસૂમ (૧૩) રવ (૧૫) નજરકેદ (૧૬) સહ (૧૭) મજહબ (૧૯) ફરિયાદ (૨૨) નજર (૨૩) નત (૨૪) યામીની

**ઊભી ચાવી :-** (૧) સરસામાન (૨) રજા (૩) ખાઈ (૪) બચાવ (૫) લીલ (૭) ભૂદેવ (૯) હરદમ (૧૧) સુજ (૧૨) મરસીયા (૧૪) રાહબર (૧૬) સહજ (૧૮) જનની (૧૯) ફન (૨૦) રીત (૨૧) દયા


## ટેન્ડર નિવિદા

### દહેગામ નગરપાલિકા, જી. ગાંધીનગર

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે, દહેગામ નગરપાલિકા વિસ્તારમાં નીચે જણાવેલ કામો સારૂ તા. ૩૦-૬-૨૦૧૨ સુધીમાં રજી. પોસ્ટ એ.ડી. / સ્પીડ પોસ્ટથી સીલબંધ કવરમાં ભાવો મંગાવવામાં આવે છે.

| ક્રમ | કામની વિગત | ટેન્ડર ફી | અંદાજીત રકમ |
|---|---|---|---|
| | **૧૩માં નાણાંપંચની ગ્રાન્ટ** | | |
| ૧. | આથમણા દરવાજાથી રબારીવાસ થઈ રાવળવાસ તરફ પથ્થર રોડ રીફીટીંગ કરવાનું કામ (બીજો પ્રયત્ન) | ૫૫૦ | ૪૪૫૫૦૧.૬૩ |
| ૨. | બોર નં.૧ પાસે ૩૦૦ એમ.એમ. ડા.મી.નો નવિન બોર બનાવવાનું કામ. | ૮૨૫ | ૯૯૪૨૩૭.૦૦ |
| | **મનોરંજન કર / કેબલ ટીવીની ગ્રાન્ટ વર્ષ ૨૦૧૦-૧૧** | | |
| ૩. | જનસેવા કેન્દ્ર પાસેથી લુહાર ચકલા તરફ સી.સી. રોડ બનાવવાનું કામ. | ૮૨૫ | ૫૪૭૦૬૬.૯૦ |
| ૪. | ગંજીવાસમાં પથ્થર રોડ રીફીક્સીંગ કરવાનું કામ. | ૫૦૦ | ૨૯૫૪૮૬.૭૩ |
| ૫. | પાલૈયાવાસમાં પથ્થર રોડ સીફીક્સીંગ કરવાનું કામ. | ૫૫૦ | ૧૩૩૨૩૭.૫૭ |
| ૬. | જોરાવરનગર રોડ ઉપર નિસારભાઈના વરંડા પાસે સી.સી. રોડ બનાવવાનું કામ. | ૫૫૦ | ૧૧૩૮૩૧.૫૫ |
| | **વ્યવસાયવેરાની ગ્રાન્ટ વર્ષ ૨૦૧૦-૧૧** | | |
| ૭. | લબ્ધિ સોસાયટીમાં બીપીનભાઈના ઘરથી રાજેશભાઈના ઘર તરફ સી.સી.રોડ બનાવવાનું કામ. | ૫૫૦ | ૧૩૨૦૯૫.૮૮ |
| ૮. | જૈનવાડી પાછળ ગંદા પાણીની આર.સી.સી. પાઈપ લાઈન નાંખવાનું કામ. | ૨૭૫ | ૫૮૮૨૮.૮૬ |
| | **સ્વભંડોળ** | | |
| ૯. | ઓફિસ કામ માટે ઝેરોક્ષ કરવાના વાર્ષિક ભાવનું કામ. | ૨૭૫ | ---- |
| ૧૦. | ઓફિસ કામ માટે પ્રિન્ટીંગ બાઈન્ડીંગ કરવાના વાર્ષિક ભાવનું કામ. | ૨૭૫ | ---- |

ઉપરોક્ત કામ. નં. ૧ થી ૧૦ના કોરા ટેન્ડર ફોર્મ તા. ૨૫-૬-૨૦૧૨ સુધીમાં ઓફિસ સમય દરમિયાન અરજી સાથે જરૂરી રજીસ્ટ્રેશનની નકલ, પાન કાર્ડની નકલ, અનુભવ સર્ટીફિકેટ, બેન્ક સોલવંશી, ઈન્કમટેક્ષ ક્લીયરન્સ સર્ટીફિકેટ તથા ટેન્ડર ફી જમા કરાવેથી કોપી આપવામાં આવશે. કામ દીઠ અલગ કવરમાં ટેન્ડર કોપી બીડવાની રહેશે. અર્નેસ્ટમની ડીપોઝીટ રાષ્ટ્રીયકૃત બેંકની એફ.ડી.આર. ટેન્ડર સાથે બીડવાની રહેશે. અને કવર ઉપર જે તે કામની વિગત અવશ્ય દર્શાવવાની રહેશે. કોઈપણ કારણ આપ્યા સિવાય ટેન્ડર મંજુર કે નામંજુર કરવાનો અધિકાર નગરપાલિકા દહેગામ અબાધિત રાખે છે.

તા. /૬/૨૦૧૨

**એચ. કે. પટેલ** — ઈન્ચાર્જ ચીફ ઓફીસર
**પ્રફુલભાઈ વી. શાહ** — ચેરમેન, કારોબારી સમિતિ
**સલીમભાઈ એમ. મલેક** — ઉપપ્રમુખ
**કામિનીબેન બી. રાઠોડ** — પ્રમુખ

માહિતી/૫૯૮/૧૨-૧૩